# ચોકબજાર પો.સ્ટે. હદમાં થયેલ મર્ડરના ગુનામાં ૨૦૧૭ થી વોન્ટેડ આરોપીને ઉત્તરપ્રદેશ જીલ્લા ફતેપુર ખાતેથી ઝડપી પાડતી, સુરત  શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં નોંધાયેલ ધાડ લુંટ જેવા ગંભીર પ્રકારના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા પેરોલ ફર્લો સ્કોડના પોલીસ માણસોની ટીમ વર્ક આઉટમાં હતી. દરમ્યાન નાસતા ફરતા/ પેરોલ ફર્લો સ્કોડના પોલીસ માણસોને મળેલ હકીકત આધારે ગામ. કેઉટરા, મજરે ભરસા, થાણા.ચાંદપુર, જી.ફતેપુર. (ઉત્તરપ્રદેશ) ખાતેથી આરોપી:-રાજુ ઉર્ફે જવાલા રમેશભાઈ નિશાદ ઉ.વ.૩૫ રહે.ગામ.કેઉટરા, મજરે ભરસા, થાણા. ચાંદપુર, જી.ફતેપુર.(ઉત્તરપ્રદેશ) નાને પકડી પાડવામાં આવેલ છે. સદર આરોપી ચોકબજાર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૩/૨૦૧૭ ઈ.પી.કો. ક.૩૦૭, ૩૨૩, ૫૦૪, ૩૦૨ મુજબના ગુનામાં વોન્ટેડ હોય હકિકત એવી રીતેની છે કે, ચોકબજાર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૩/૨૦૧૭ ઈ.પી.કો.ક.૩૦૭, ૩૨૩, ૫૦૪, ૩૦૨ કામે હાલ પકડાયેલ આરોપી સને-૨૦૧૭ માં સુરત શહેરમાં વેડરોડ મીનાનગર પ્લોટ નં.૪૫, ખાતે રહી સંચા મશીનના ખાતામાં ટી.એફ.ઓ. મશીન ચલાવવાની મજુરી કરતો હતો. દરમ્યાન તેણે તા.૧૩/૦૧/૨૦૧૭ ના રોજ કલાક.૧૨/૧૫ વાગ્યે પોતાની રૂમમાં રહેતો જયચંદ્ર મહાવીરબંટા નિશાદ નામના ઈસમની સાથે જમવાનુ બનાવવાની બાબતે બોલાચાલી કરી ગાળાગાળી કરી, મારી નાંખવા ત્રીજા માળેથી નીચે ફેંકી દઈ હત્યા કરી, ગુનો આચરી નાસી ગયેલ હતો. જેથી આ બાબતે મરણ જનારના નાના ભાઈ શ્રી હરીશચંદ્ર મહાવીરબંટા નિશાદ રહે. રહેમતનગર અજય પાણીવાલાની ચાલ પંડોળ પોલીસ ચોકીની સામે ચોકબજાર, સુરતનાઓએ ફરીયાદ આપતા ઉપરોક્ત નંબર અને કલમથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે. સદર આરોપી આજદિન સુધી મર્ડર જેવા ગંભીર ગુનામાં પકડાયેલ ન હોય અને પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય, દરમ્યાન ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ માણસોએ ખાનગી બાતમીદાર થકી આરોપી વિશે માહીતી એકત્રીત કરી ઉત્તરપ્રદેશ ખાતેથી પકડી પાડી, પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.